## આપનું સપ્તાહ કેવું જશે?

તા.૩૦/૦૩/૨૦૨૬ થી તા.૦૫/૦૪/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in



**મેષ (અ.લ.ઇ.)** ચાલુ વીકમાં ધીરજ રાખવી ઉતાવળીયા નિર્ણય લેવા અને નવાં રોકાણ ટાળવા. સંતાનોની સમસ્યા અને જીવનસાથીના પ્રશ્નો સતાવશે. પ્રેમમાં ગેરસમજ વધશે. સ્વાર્થી મિત્રોથી નુકશાન થઇ શકે. નોકરીમાં હરીફોથી સાવધાન રહેવું. સરકારી નોકરીયાત ગફલત કરવી ભારે પડે. કુટુંબ પરિવારનો પ્રશ્નો હલ થાય. ઘરમાં વડીલો વગેરેની મદદ મળે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. રોજની આવક વધે.



**વૃષભ (બ.વ.ઉ.)** સપ્તાહ કસોટીજનક રહેશે માટે આત્મવિશ્વાસ અને પોતાના પર વિશ્વાસથી આગળ વધવું. નોકરીમાં સમસ્યા આવશે. ધંધામાં આવક ઘટશે. ઘરમાં નવા ફેરફારથી અનુકુળતાનો અનુભવ થાય. વારસા બાબતે વિવાદ થાય. નવા રોકાણથી લાભ થાય. પ્રેમમાં મિત્રોની મદદ મળે. અભ્યાસમાં નવું શીખવા મળે. સંતાનોનો પ્રશ્નો હલ થાય. નોકરીમાં પ્રમોશન થાય. વિજાતિય આવેગ સતાવે.



**મિથુન (ક.છ.ઘ.)** સપ્તાહ દરમિયાન તમારા નવા હકારાત્મક વિચારો, વહીવટી કુશળતા અને આત્મવિશ્વાસ કામકાજમાં નવા બદલાવ લાવશે. પોતાના રચનાત્મક કામ સંગીત, નાટક કલા, નૃત્ય, લેખન વગેરેમાં સફળતા મળે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. વડીલોના આરોગ્યની ચિંતા સતાવે. નવા વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. પ્રેમવિવાહમાં મદદ મળે. શેર બજારમાં તક મળે.



**કર્ક (ડ.હ.)** ચાલુ વીકમાં પરિવારમાં નવા મહેમાનનું આગમન કે કોઇને રોજગાર પ્રાપ્તિથી ખુશીયુક્ત વાતાવરણ રહે. આવક વધે. ઉઘરાણીની ચિંતા રહે. ખાણીપીણીના ધંધામાં આવક વધે. વારસા બાબતે અશાંતિ સતાવે. નવા સંબંધો મજબુત થાય. વિવાહ લાયકને યોગ્ય પાત્ર મળે. ટેકનોલોજી, શિક્ષણ, પ્રવાસ, દલાલી વગેરે કામમાં લાભ થાય. નવા ઘર, વાહનની યોજના પાર પડે. નોકરી ધંધામાં અનુકુળતા વધશે.



**સિંહ (મ.ટ.)** ચાલુ વીકમાં વાહન ચલાવવામાં સાવધાન રાખવી. વિવાદથી બચવું. સમાજ અને કુટુંબજીવનમાં સમસ્યા વધે. જવાબદારી વધે. નોકરીમાં નવા ફેરફારથી કામનો બોજ વધશે. બીજાને મદદ કરવામાં પોતાનાં કામ અટવાય. આર્થિક બાબતે પ્રગતિ થાય. વારસાગત ધંધામાં આવક વધે. ઘરપરિવારમાં સામાજિક મેળાવડો રહે. પ્રવાસમાં સાવધાન રહેવું. અચાનક નવી તક મળશે.



**કન્યા (પ.ઠ.ણ.)** ચાલુ વીકમાં ઘર-પરિવારમાં વડીલોના આરોગ્યની સમસ્યા આવી શકે છે. અચાનક ખર્ચા વધશે. આર્થિક વ્યવહારમાં સાવધાન રહેવું. ભાવના કે લાગણીમાં ખેંચાઇને ઉધાર લેવા-દેવાનું ભારે પડી શકે છે. જીવનસાથી સાથે ધાર્મિક પ્રવાસ થાય. નોકરી ધંધામાં નવા ફેરફારથી રાહત થાય. સમાજમાં માન વધે. દાંપત્યમાં તાલમેલ રહે. પરિવારની સમસ્યાનું સમાધાન થાય. ઉઘરાણી આવી શકે છે.



**તુલા (ર.ત.)** આ સપ્તાહ પ્રેમવિવાહની યોજના કરનાર માટે અનુકુળ રહેશે. મિત્રો વગેરે સાથે ગેરસમજ વધે. પ્રેમપ્રકરણો અશાંત બને. નવાં રોકાણમાં ધીરજ રાખવી. તમારા નવા હકારાત્મક વિચારોથી નવી તક ઉભી થાય. કામનો બોજ વધશે. જીવનસાથી, મિત્રો વગેરે સાથે તીર્થયાત્રા થઇ શકે છે. ધાર્મિક, સાહિત્ય, કાયદાકાનુન અને પ્રવાસને લગતાં કામમાં ગતિ આવે. રંગીન અને રસીક મુલાકાત થાય.



**વૃશ્ચિક (ન.ય.)** સપ્તાહ દરમિયાન નોકરીમાં નવી તક ઉભી થાય. ધંધામાં નવા સોદા થાય. પણ આસપાસના લોકોથી અને સમાજમાં સાવધાન રહેવું. અચાનક સફળતા મળી શકે છે. પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવે. મિત્રો મદદરૂપ બને. ભેટ-સોગાદથી આત્મવિશ્વાસ વધે. પરીક્ષા કે ઇન્ટરવ્યુમાં સકારાત્મક પરિણામ આવે. આંખ વગેરેની કાળજી રાખવી. કાયદાકીય બાબત મદદ મળે. રંગીન મુલાકાત થાય.



**ધન (ભ.ધ.ફ.ઢ.)** ચાલુ વીકમાં લાગણીમાં કોઇ નિર્ણય લેવા નહીં. પરિવારની જવાબદારી વધશે. જીવનસાથી સાથે મતભેદ થાય. સંતાનની ચિંતા સતાવે. અચાનક આવક વધે. નવા કામની તક ઉભી થાય. ધાર્મિક પ્રવાસ થાય. નોકરીમાં પ્રમોશન થાય. ફેરફારથી જવાબદારી વધે. વડીલો, મિત્રોની મદદથી નવી યોજના પાર પડે. પ્રેમપ્રકરણોમાં લાગણીઓ પર કાબુ રાખવો. અચાનક શુભ સમાચાર આવશે.



**મકર (ખ.જ.)** ખાવા-પીવામાં ધ્યાન રાખવું. પાણીથી પડવા-વાગવા આગચોર, લૂંટારૂંથી નુકશાન થઇ શકે છે. અચાનક અટકેલા કામ કે નાણાં બાબતે પ્રગતિ થાય. સરકારી કામમાં મદદ મળે. ધર્મ-કર્મથી શાંતિ મળે. વિદેશથી શુભ સમાચાર મળે. ઉચ્ચશિક્ષણમાં પ્રગતિ થાય. નોકરીમાં અનુકુળતા રહે. વડીલોની મદદથી નવા વેપાર-ધંધાનું આયોજન પાર પડે. આર્થિક વ્યવહારમાં સાવધાન રહેવું.



**કુંભ (ગ.સ.શ.ષ.)** ચાલુ વીકમાં દાંપત્ય અને કુટુંબજીવનમાં અશાંતિ રહેશે. તાલમેલ રાખવો પડશે. નવા કામ કે નોકરીની તક મળે. નવા રચનાત્મક કાર્યથી સફળતા મળે. સમાજમાં અશાંતિ પેદા થાય. રોજના કામમાં વિઘ્નો સતાવે. નોકરી-ધંધાર્થે-પ્રવાસ થાય. કોર્ટ કચેરી, સરકારી કામમાં વિલંબ થાય. ઉઘરાણી આવે. ઉપરી વર્ગનો સાથ મળે. ધર્મ-કર્મથી શાંતિ મળે. આગળ કરેલા રોકાણનો લાભ મળે. શુભસમાચાર મળે.



**મીન (દ.ચ.ઝ.થ.)** આ સપ્તાહ હરીફોથી સાવધાન રહેવાનું સુચવે છે. નોકરીમાં જવાબદારી વધે. સરકારી કામમાં વિઘ્નો આવે. વિજાતીય આવેગ સતાવે. આરોગ્ય નરમ રહે. સ્વતંત્ર કામમાં સફળતા મળે. રોજની આવક વધે. ઉમરલાયકને યોગ્યપાત્ર મળે. દાંપત્યજીવન રંગીન બને. નવા કામ કે કોર્ટ-કચેરીમાં અડચણો આવે. ઉઘરાણી આવે. વડીલો મદદ કરે. વારસા બાબતે પ્રગતિ થાય. ધાર્મિક સાહિત્યના કામમાં લાભ વધશે.

## ખાડી યુદ્ધના પરિણામ અને જ્યોતિષ

ઇરાન, ઇઝરાયલ અને અમેરિકા વચ્ચેના યુદ્ધમાં ઇરાનનો થતો ભયંકર નુકશાન પછી પણ ઉપર રહેવાનાં સંકેત છે. જાન્યુઆરી 2026થી સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ અને શુક્ર મકર રાશિમાં રહેલ પ્લુટો સાથે ઉત્તરાષાઢા (ઉ.ષા.) નક્ષત્રમાં **છિદ્ર અવસ્થામાંયુતિમાં આવ્યા હતા. ત્યારથી ઇરાન માટે આ વિનાશક યુદ્ધની શરૂઆત થઇ.** છિદ્ર અવસ્થાના એકથી વધારે ગ્રહોની યુતિ થાય છે ત્યારે દેશ કે દુનિયામાં યુદ્ધની સ્થિતિનું નિર્માણ થાય છે. તમામ ગ્રહો ઉ.ષા. નક્ષત્રમાં અંશાત્મક યુતિમાં ખૂબ નિર્બળ અવસ્થામાં હોય ત્યારે સંઘર્ષ, હિંસા, તાણાવ જેવી સ્થિતિ પેદા કરીને માનસને હિંસક બતાવે છે.તેમાં સૂર્ય-મંગળનો અંગારક યોગ યુદ્ધ માટે ખાસ જવાબદાર હોય છે.

**ઈરાન, ઇઝરાયેલ અને અમેરિકાની કુંડલી શું કહે છે?**

જાન્યુઆરીમાં શુક્ર-મંગળની અંશાત્મક યુતિના કારણે યુદ્ધ પેદા થયું અને ઉર્જાસંકટને જન્મ આપ્યો. મોટા ભાગે શનિ, મંગળ, સૂર્ય અને આધુનિક ગ્રહો પ્લુટો નેપચ્યુન યુદ્ધથી ભયંકર નુકશાન કરે છે અને યુદ્ધને ભડકાવવાનું કામ કરનાર સાબિત થાય છે. જ્યોતિષશાસ્ત્રના ગ્રહયોગ સંકેતમુજબ **જાન્યુઆરી,2026થી મે,2026 સુધીનો સમય દુનિયાને બે ભાગમાં વહેંચનાર બની શકે છે.** વિશ્વના અન્ય દેશો પણ ઇચ્છાએ કે અનિચ્છાએ યુદ્ધમાં ધકેલાય એમ બને. આ તબક્કે ઇરાન, ઇઝરાયલ અને અમેરિકાની કુંડલી શું કહે છે, એ જાણવું રસપ્રદ થઇ રહેશે.

ઇરાનની કર્ક લગ્નની કુંડલીમાં ભાગ્યમાં રહેલ મીનના સૂર્ય, મંગળ બુધ પરથી ગોચરના શનિનું ભ્રમણ માર્ચ 2025થી થઇ રહ્યું છે. આ યોગ જીવનમાં જડ-મૂળમાંથી ક્રાંતિ લાવતો હોય છે. ક્રાંતિકારી નવા ગમતા કે અણગમતા પરિવર્તન લાવનાર બને છે. માટે જ તેમના સુપ્રિમ લીડરની હત્યા થઇ અને નવા સરકારમાં [illegible] ફેરફાર થશે. **તા. 2-4-206 થી મંગળ પણ અહીં આવે છે. જે ઇરાનને રાખમાંથી બેઠું કરશે, તેમજ દુનિયામાં ઊર્જા સંકટ વધુ ઘેરું બનશે.**

ઇઝરાયલની કન્યા લગ્નની કુંડલી પ્રમાણે છઠ્ઠા સ્થાનમાં ગોચરના રાહુનું ભ્રમણ, મંગળ પાસેથી દુઃસાહસ કરાવનાર બને છે. માટે જ ઇઝરાયેલે ઇરાન પર હુમલો કર્યો. ઇઝરાયલની કુંડલીમાં ગોચરનો શનિ સાતમા ભાવમાંથી પસાર થાય છે અને ભાગ્યમાં રહેલ સૂર્ય- બુધ પર દૃષ્ટિ કરે છે. અહીં પણ મૂળ કુંડળીના સૂર્યનો સંબંધ ગોચરના શનિ સાથે થાય. આ આમુલ પરિવર્તનના સંકેત આપે છે ઇઝરાયલનું સાતમું સ્થાન, જે શહેર અથવા પ્રજાનું છે, તે માર્ચ 2025થી શનિના પ્રભાવમાં છે. પરિણામે તે ઇઝરાયેલી પ્રજાની મુસીબતો વધારનાર બની શકે છે. **તા. 02-02-2026 થી મંગળ-શનિનો યોગ થાય છે. જે ઇઝરાયલના ઇતિહાસમાં કલ્પના બહારની ઘટનાના સંકેત આપે છે. કદાચ ઇઝરાયેલ માટે અત્યંત અશુભ હોઈ શકે છે.** ઇરાનનો સૂર્ય પીડિત થયો, માટે તેના નેતાની હત્યા થઇ.ઇઝરાયલનો પણ સૂર્ય પીડિત થયો છે. માટે તેના નેતાની હત્યાનો સંયોગ પણ પેદા થઇ શકે છે.સાથે જ દેશને મોટું નુકશાન થઇ શકે.

અમેરિકાની કુંડલી પણ કન્યા લગ્નની છે. લગ્નમાં શનિની સામેથી ગોચરનો શનિ ચાલે છે. છઠ્ઠે રાહુના કારણે ભ્રમિત થઇને અમેરિકાએ યુદ્ધમાં ઝંપલાવ્યું. **દેશ માટે સૌથી મોટા નુકસાનના ભોગ બનવાનોયોગ છે. અહીં આવતો મંગળ અમેરિકાના દસમા સ્થાનને પ્રભાવિત કરે છે. ત્યાં રહેલ સૂર્ય મંગળ શનિના પ્રભાવમાં આવે છે.આથીઅમેરિકન પ્રજાની મુસીબત વધશે. કદાચ ભયંકર ઊર્જા સંકટના ભોગ પણ બનવું પડે. શનિ-સૂર્ય-રાહુ-મંગળ સત્તાપરિવર્તન થવાની શક્યતા પણ દર્શાવે છે, સાથે જ દુનિયામાં ઊર્જા સંકટ પેદા કરશે અને ભયંકર આર્થિક સમસ્યા પેદા થઈ શકે છે.**

**રેમન્ડ ગ્રુપના ભૂતપૂર્વ ચેરમેન અને વિખ્યાત પાયલટ વિજયપત સિંઘાનિયાનું નિધન**

# સુરતમાં પ્રથમ એરલાઈન વિજયપત સિંઘાનિયાએ શરૂ કરી હતી

**સફારી** એરવેઝની મુંબઈથી સુરતની અને સુરતથી ભાવનગરની ટિકિટ 35 થી 38 રૂપિયામાં વેચાતી હતી.

### વિજયપત સિંઘાનિયા મુંબઈથી જાતે વિમાન ઉડાડી સુરત એરપોર્ટ આવતા.

વિજયપત સિંઘાનિયા ફક્ત એરલાઇનના માલિક નહોતા,તેઓ એક ઉત્સાહી પાઇલટ હતા જે વારંવાર સુરતમાં પોતાનું વિમાન ઉડાડતા હતા. એરપોર્ટ પરના જૂના સમયના લોકો ઘણીવાર તેમને તેમના ખાનગી વિમાનો ઉતારતા અને સ્થાનિક ગ્રાઉન્ડ ક્રૂ સાથે વાતચીત કરતા યાદ કરે છે.સુરત સાથે તેમનો સંબંધ ફક્ત વ્યવસાય વિશે નહોતો, તે કોકપીટ પ્રત્યેના તેમના વ્યક્તિગત પ્રેમ વિશે હતો. તેમના પછીના વર્ષોમાં પણ, તેઓ ઘણીવાર તેમના ખાનગી જેટ સાથે અથવા તેમના રેકોર્ડ-બ્રેકિંગ માઇક્રોલાઇટ તાલીમ સત્રો દરમિયાન સુરત એરપોર્ટ પર જોવા મળતા હતા.સુરત એરપોર્ટ તેઓ પોતાની માલિકીના ડાકોટા વિમાન લઈ લેન્ડ થતા હતા.

સુરતઃ રેમન્ડ ગ્રુપના ભૂતપૂર્વ ચેરમેન અને એક મહાન પાયલટ વિજયપત સિંઘાનિયાનું શનિવાર, 28 માર્ચ 2026 ના રોજ મુંબઈમાં 87 વર્ષની વયે અવસાન થયું હતું. આજે રવિવારે તેઓની મુંબઈ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા..ટેકસટાઈલ ઉદ્યોગકાર અને પાયલટ વિજયપત સિંઘાનિયાનો સુરત સાથેનું એક ખાસ કનેક્શન હતું. સુરત એરપોર્ટ સાથેનો સંબંધ તેમના શરૂઆતના વ્યવસાય અને ઉડ્ડયન કારકિર્દીમાં ઊંડે સુધી મૂળ ધરાવે છે. 1970 ના દાયકાની શરૂઆતમાં, સિંઘાનિયા સફારી એરવેઝની માલિકી ધરાવતા હતા, જે સુરત એરપોર્ટથી સંચાલન કરનારી પ્રથમ એરલાઇન હતી.એ રીતે સુરતના પ્રારંભિક ઉડ્ડયનને આકાર આપવામાં તેમની ભૂમિકા ઈતિહાસનો એક રસપ્રદ ભાગ છે.આધુનિક ટર્મિનલ અસ્તિત્વમાં આવ્યાના ઘણા સમય પહેલા, વિજયપત સિંઘાનિયા સુરતને હવાઈ નકશા પર મૂકનાર પ્રણેતા હતા.

1970 ના દાયકામાં સુરત ટેકસટાઈલ સિટી તરીકે જાણીતું બન્યું અને ગુજરાતનું એક મુખ્ય વેપાર કેન્દ્ર તરીકે નામના મેળવી રહ્યું હતું ત્યારે 1970 ના દાયકાની શરૂઆતમાં, તેની પાસે કોઈ સુનિશ્ચિત હવાઈ જોડાણ નહોતું. વિજયપત સિંઘાનિયાએ સફારી એરવેઝ શરૂ કરીને તે બદલી નાખ્યું. તેમણે સુરત - ભાવનગર - બોમ્બે (મુંબઈ) ને જોડતી નિયમિત કમ્યુટર સેવા ચલાવી હતી.સફારી એરવેઝની મુંબઈથી સુરતની અને સુરતથી ભાવનગરની ટિકિટ 35 થી 38 રૂપિયામાં વેચાતી હતી.

સિંઘાનિયાની એરલાઈન સફારી એરવેઝ સુરત, બોમ્બે (મુંબઈ) અને ભાવનગર વચ્ચે સેવાઓ ચલાવવા માટે નાના વિમાનોનો ઉપયોગ કરતી હતી, જેમાં ખાસ કરીને ડગ્લાસ ડીસી-3 ડાકોટા (VT-CEB)નો ઉપયોગ કરતી હતી. સુરત એરપોર્ટ પર તેમની સાથે સંકળાયેલું સૌથી પ્રતિષ્ઠિત વિમાન ડગ્લાસ ડીસી-3 ડાકોટા (નોંધણી: VT-CEB) હતું. આ ટ્વીન-એન્જિન પ્રોપેલર પ્લેન તે યુગનું વર્કહોર્સ હતું. એક કાપડ ઉદ્યોગપતિ તરીકે, તેમણે પોતે સ્વીકાર્યું કે સુરતના હીરા અને કાપડ ઉદ્યોગપતિઓને બોમ્બેના બજારોમાં ઝડપી પ્રવેશની જરૂર છે.

### સુરતથી ઉડાન ભરનારી પ્રથમ કોમર્શિયલ ફ્લાઇટમાં સિંઘાનિયા સાથે આ મહાનુભાવો હતા

ઉદ્યોગકાર અને પાયલટ વિજયપત સિંઘાનિયા દ્વારા ઉડાવવામાં આવેલી સુરત એરપોર્ટથી સફારી એરવેઝની પહેલી ફ્લાઇટ રાજ્યપાલ નારાયણને સુરતથી અમદાવાદ લઈ ગઈ. 40 સીટર વિમાનમાં સુરતના એવા સન્માનિત લોકો હતા જેમણે સુરતમાં વાણિજ્યિક હવાઈ સુવિધાઓનું સ્વપ્ન જોયું હતું. તેમાં પ્રવિણભાઈ રેશમવાલા (ગુજરાતમિત્ર પ્રેસ), રજનીકાંત ઠક્કર (ગુજરાત ફ્લાઈંગ ક્લબના અધ્યક્ષ), માણેક ગ્યારા, ચંદ્રકાંત પુરોહિત (ગુજરાતમિત્ર પ્રેસ), શ્યામભાઈ વેદ, રૂમેન્દ્ર મહેતા, શ્રી તરુણ દવે (સચિવ-ગુજરાત ફ્લાઈંગ ક્લબ), રમણભાઈ જરીવાલા, ડીસી શાહ, દેવેન્દ્ર શાસ્ત્રી અને અન્ય લોકોનો સમાવેશ થાય છે. ગુજરાતના મુખ્યમંત્રી ઘનશ્યામભાઈ ઓઝા હતા ત્યારે, સફારી એરવેઝ દ્વારા સુરતથી ભાવનગર સુધીની પ્રથમ વ્યાપારી ફ્લાઇટ બરોડા રેયોનના વિનય શાહ અને રેમન્ડ્સના વિજયપત સિંઘાનિયાના પ્રયાસોથી શરૂ કરવામાં આવી હતી. ભાવનગર અને મુંબઈને સુરત સાથે જોડતી અને વ્યાપારી રીતે શરૂ થયેલી સફારી એરવેઝની ફ્લાઇટ ત્રણ વર્ષ સુધી ચાલી હતી, ત્યારબાદ તે બંધ થઈ ગઈ હતી.

# હવે એરપોર્ટ પર રૂ. 10માં ચા અને 20માં નાસ્તો

**રાજકોટથી** દેશના 57 એરપોર્ટ પર અત્યાધુનિક સુવિધાઓનું ડિજિટલ લોકાર્પણ

ગાંધીનગર : કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ આજે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી દેશભરના 57 એરપોર્ટ માટે વિવિધ જનસુવિધાઓનું ડિજિટલ લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે રાજકોટવાસીઓ માટે ખુશખબર આપતા જણાવ્યું હતું કે, રાજકોટમાં વહેલી તકે ઈન્ટરનેશનલ ફ્લાઈટ અને એર કાર્ગો ટર્મિનલની સુવિધા શરૂ કરવામાં આવશે.

રાજકોટ એરપોર્ટ પર ખાસ 'ઉડાન યાત્રી કેફે'નું ઉદ્ઘાટન કર્યું હતું. સામાન્ય રીતે એરપોર્ટ પર ખાદ્યચીજો મોંઘી હોવાની મુસાફરોની ફરિયાદને ધ્યાને રાખીને આ સુવિધા શરૂ કરાઈ છે, જેમાંચાઃ માત્ર 10માં, કોફી/ સમોસા/કચોરી - માત્ર 20માં ઉપલબ્ધ થશે.

વર્ચ્યુઅલ માધ્યમથી નાડયુએ દેશના અન્ય એરપોર્ટ્સ માટે નીચે મુજબના પ્રોજેક્ટ્સ ખુલ્લા મૂક્યા હતા.

ડીજી યાત્રા અંતર્ગત 08 એરપોર્ટ પર પેપરલેસ એન્ટ્રી સિસ્ટમ ઉભી થશે.

ઈન્ટરનેટ અને મનોરંજનની વાત કરીએ તો 50 ફ્રી વાઈ-ફાઈ ઝોન, 10 કિડ્સ ઝોન અને 16 'ફ્લાયબ્રેરીઝ' (લાઈબ્રેરી)ની સુવિધા મળશે.

નાયડુએ આંકડાકીય વિગતો આપતા કહ્યું કે, વર્ષ 2014માં દેશમાં માત્ર 74 એરપોર્ટ હતા, જે આજે વધીને 165થી વધુ થઈ ગયા છે. તેમણે કહયું હતું કે આગામી દાયકામાં 100 નવા એરપોર્ટ અને 200 હેલિપેડ બનાવવાનું આયોજન છે.

પ્રધાનમંત્રીનો સંકલ્પ એરપોર્ટની સંખ્યા 350 સુધી લઈ જવાનો છે.'ઉડાન સ્કીમ' માટે 29,000 કરોડ મંજૂર કરાયા છે, જે સિવિલ એવિએશનના ઈતિહાસમાં સૌથી મોટું ભંડોળ છે. હવે 'હવાઈ ચપ્પલ' પહેરનારો માનવી પણ 'હવાઈ જહાજ'માં ઉડતો થયો છે, જે આ યોજનાની સફળતા દર્શાવે છે.તેમણે માહિતી આપી હતી કે વૈશ્વિક યુદ્ધની સ્થિતિ વચ્ચે ગલ્ફ દેશોમાંથી 5 લાખ ભારતીયોને સુરક્ષિત પરત લાવવામાં આવ્યા છે. વધુમાં, એર ઈન્ડિયા પ્લેન ક્રેશનો તપાસ રિપોર્ટ પણ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

# સુરતમાં તાપમાનમાં આંશિક ઘટાડો થતાં રાહત

સુરતઃ સુરત શહેરમાં આજે ગરમીના પ્રમાણમાં આંશિક ઘટાડો નોંધાયો હતો. શહેરનું મહત્તમ તાપમાન ૩૫.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગઈકાલની સરખામણીએ થોડું ઓછું રહ્યું છે. બીજી તરફ લઘુત્તમ તાપમાન આશરે એક ડિગ્રી વધીને ૨૫.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાતા સવાર અને રાત્રીના સમયમાં હળવો ઉકળાટ અનુભવાયો હતો. હવામાન વિભાગ મુજબ, આજે હવામાં ભેજનું પ્રમાણ ૫૧ ટકા નોંધાયું હતું, જેના કારણે ગરમીમાં થોડી ભીનાશનો અહેસાસ રહ્યો હતો. શહેરમાં દક્ષિણ-પશ્ચિમ દિશાથી આશરે ૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો, જેનાથી વાતાવરણમાં થોડી ઠંડકનો અનુભવ થયો હતો. હવામાન નિષ્ણાતોના અનુમાન પ્રમાણે, સુરત શહેરમાં આવતાં અઠવાડિયે વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે.

**સુરત ઐતિહાસિક 'સુપર સન્ડે' : મનપાની ચૂંટણી પહેલા મેટ્રોનુ સપનુ સાકાર**

# સુરતમાં ડ્રીમ સિટીથી અલથાણ 8 .5 કિ.મીમાં મેટ્રોનો ટ્રાયલ રન

**શહેરીજનોએ** મેટ્રો ટ્રાયલના રીલ વહેતા કરી ઐતિહાસિક ક્ષણને વધાવી : મેટ્રોના ટ્રેક અને ટ્રેનની ટેકનિકલ મજબૂતાઇની ખરાઇ કરવા સતત 500 કલાકનું રનિંગ ટ્રાયલ કરાશે



સુરતઃ સુરતીઓ જે પ્રોજેક્ટની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા તેવા મેટ્રો ટ્રેનની પહેલી ઝલક રવિવારે દેખાતા સુરતીઓનો આનંદનો પાર રહ્યો ન હતો. ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ વચ્ચેના 8.5 કિમીના એલિવેટેડ રૂટ પર મેટ્રો ટ્રેનનું સત્તાવાર ટ્રાયલ રન શરૂ થતા સુરતીઓનો રવિવાર મજાનો બની ગયો હતો. સુરત માટે 'સુપર સન્ડે' જેવા આ રવિવારે શહેરના મેટ્રો ટ્રેક પર મેટ્રો રેલ દોડતી જોવા મળતા સુરતવાસીઓ આનંદવિભોર થઇ ગયા હતા તેમજ મેટ્રો ટ્રાયલના રીલ તેમજ વિડીયોથી સોસીયલ મીડીયા ઉભરાયુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, 17મી માર્ચના રોજ સુરતમાં મેટ્રો રેલના કોચ આવી પહોંચ્યા ત્યારે જ 18 માર્ચના 'ગુજરાતમિત્ર'માં અહેવાલ પ્રસીધ્ધ કરાયો હતો કે સુરત મનપાની ચુંટણી પહેલા શહેરમાં મેટ્રોની ટ્રાયલ શરૂ થઇ જશે.

સુરત શહેરના લોકો છેલ્લા કેટલાક વર્ષોથી ટ્રાફિક સમસ્યાનો સામનો કરી રહ્યા છે. સુરત શહેરમાં આગામી નજીકના દિવસોમાં મેટ્રો ટ્રેનની ઝડપ જોવા મળે તેવી શક્યતા છે. સુરત મેટ્રોમાં ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના 8.5 કિ.મી.ના વાયડક્ટનું કામ પૂર્ણ થઈ ગયું છે અને સાથે સાથે આ લંબાઈમાં ટ્રેનનું ટ્રાયલ શરૂ કરાયું છે. ઉલ્લેખનીય છે કે એક તરફ સુરત મહાનગરપાલિકાની ચૂંટણી આવી રહી છે ત્યારે જ મેટ્રોનું પ્રથમ ટ્રાયલના કારણે લોકોમાં ભારે ચર્ચાનો મુદ્દો બન્યો છે. ભાજપ સાથે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતાનું પ્રભુત્વ જમાવવા યેનકેન પ્રયાસો કરશે. જોકે ભાજપ સુરત શહેરના વિકાસ અને મહત્વના પ્રોજેક્ટો શહેરીજનો બતાવી પોતાનો પ્રચાર, પ્રસાર કરશે.

ગત તારીખ 18 જાન્યુઆરી 2021થી મેટ્રો રેલની કામગીરીના શ્રીગણેશ થયા હતા. 40.45 કિમીના બે રૂટ પર તબક્કાવાર મેટ્રો રેલ દોડશે. જેમાં ડ્રીમ સિટીથી સરથાણા (ડાયમંડ કોરિડોર) અને સારોલીથી ભેંસાણ (ટેક્સટાઇલ કોરિડોર) છે. 5 વર્ષથી મેટ્રોની ચાલી રહેલી કામગીરીને કારણે શહેરીજનો હવે હાય તોબા પોકારી ઊઠ્યા છે. મેટ્રોના કારણે લોકોને અનેક પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો છે, અનેક લોકોના ધંધા રોજગાર પડી ભાંગ્યા છે. ત્યારે હવે આ પ્રોજેક્ટ શરૂ થાય તેની શહેરીજનો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. જેથી આ સમસ્યાનો અંત આવે, પરંતુ મેટ્રોના સત્તાધીશોના જણાવ્યા અનુસાર જૂન 2026 સુધીમાં મેટ્રો ફુલફ્લેઝમાં શરૂ થઈ જશે તેમ જણાવ્યું છે. ડ્રીમ સિટી (ખજોદ) થી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના 8.5 કિલોમીટરના વાયડક્ટનું કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ રૂટ પર ટ્રેક બિછાવવાની કામગીરી અને ટ્રેક્શન પાવર માટેની 'થર્ડ રેલ' (વીજ પુરવઠો પૂરો પાડતી રેલ) નું કામ પણ સંપન્ન થતા રવિવારે ટ્રાયલ રનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ રૂટ પર આવતા કુલ 7 સ્ટેશનોના બિલ્ડિંગનું સ્ટ્રક્ચર કામ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ અને ફિનિશિંગની કામગીરી હાલ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આ ટ્રાયલ રન બાદ RDSO (રીસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેશનાઈઝેશન) અને ત્યારબાદ CMRS (કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી) દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવશે. તેમની મંજૂરી મળ્યા બાદ જ સામાન્ય જનતા માટે મેટ્રો શરૂ કરાશે તેમ જાણવામાં આવ્યું છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### સમગ્ર અમેરિકામાં...

નીતિઓથી નારાજ છે. તેમનો ગુસ્સો ખાસ કરીને ઈરાન સાથે વધતા તણાવ, કડક ઈમિગ્રેશન અમલીકરણ અને વધતી જતી ફુગાવા પર નિર્દેશિત છે. ઘણી જગ્યાએ, લોકોએ ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સની ટીકા કરતા પોસ્ટરો પ્રદર્શિત કર્યા હતા, જેમાં તેમને પદ પરથી હટાવવાની માંગ કરવામાં આવી હતી.

### વીજળી-તેલ બચાવવા...

દરમિયાન, લગ્ન સહિતની તમામ વ્યાપારી પ્રવૃત્તિઓ સ્થગિત રહેશે, જ્યારે બજારો, ઓફિસો અને અન્ય બિન-આવશ્યક સેવાઓ બંધ રહેશે. તેમાં ઉમેરવામાં આવ્યું છે કે ફક્ત હોસ્પિટલો, ફાર્મસીઓ, આવશ્યક સેવાઓ અને જાહેર પરિવહન બસો માટે જ છૂટ રહેશે. તેમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પ્રાંતીય અધિકારીઓ લક્ષિત સબસિડી માટે બે અને ત્રણ પૈડાવાળા વાહનોની નોંધણી કરશે. પાકિસ્તાની અધિકારીઓનું કહેવું છે કે આ પગલાનો હેતુ પીક ઉર્જા વપરાશ દરમિયાન આર્થિક પ્રવૃત્તિને પ્રતિબંધિત કરીને દેશના ઉર્જા સંસાધનો પર દબાણ ઘટાડવાનો છે. પ્રાંતો સાથે સર્વસંમતિ થયા પછી ઔપચારિક સૂચના જારી કરવામાં આવે તેવી અપેક્ષા છે. જો મંજૂરી મળે, તો આ સ્માર્ટ લોકડાઉન 4 એપ્રિલથી લાગુ થઈ શકે છે.

### રૂપિયાની નબળાઇથી...

જોબ પણ વિદ્યાર્થીઓમાં લોકપ્રિય છે.

**ડિજિટલ અને ફ્રીલાન્સ કાર્ય :** ટેકનિકલ અને સર્જનાત્મક કૌશલ્યોનો ઉપયોગ કરીને, ભારતીય વિદ્યાર્થીઓ કોડિંગ, વેબસાઇટ ડિઝાઇન, કન્ટેન્ટ લેખન, વિડિઓ એડિટિંગ, પોડકાસ્ટ એડિટિંગ, સોશિયલ મીડિયા મેનેજમેન્ટ, એફિલિએટ માર્કેટિંગ, સ્કેલ એઆઈ અથવા એપેન જેવા પ્લેટફોર્મ માટે એઆઈ સિસ્ટમ્સ સુધારવા પર કામ કરી રહ્યા છે.

**શિક્ષણ સંબંધિત કાર્ય :** વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરવાની તેમની યાત્રા શેર કરવા માટે વિડિઓઝ બનાવી રહ્યા છે અને પૈસા કમાવવા માટે તેમાંથી કમાણી કરી રહ્યા છે. ઓનલાઇન ટ્યુટરિંગ, ભારતમાં વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવામાં મદદ કરવી અને વોટ્સએપ જેવા પ્લેટફોર્મ દ્વારા સમુદાય વ્યવસ્થાપન પણ વિદ્યાર્થીઓમાં લોકપ્રિય છે.

**યુનિવર્સિટી નોકરીઓ :** ભારતીય વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સહાયકતા એક લોકપ્રિય પાર્ટ-ટાઇમ નોકરી બની ગઈ છે, જેમ કે સંશોધન સહાયકતા. યુનિવર્સિટી વિભાગમાં સેવા આપવી અને યુનિવર્સિટી સંશોધનમાં ભાગ લઈને પૈસા કમાવવાનું પણ વિદ્યાર્થીઓમાં લોકપ્રિય છે.

**ઈ-કોમર્સ અને રિસેલિંગ :** ભારતીય વિદ્યાર્થીઓ પણ આજકાલ નાના પાયે વ્યવસાયમાં જોડાઈ રહ્યા છે. કરકસર એક લોકપ્રિય પદ્ધતિ બની ગઈ છે, જ્યાં તેઓ ચેરિટી શોપમાંથી વપરાયેલી વસ્તુઓ ખરીદે છે અને પછી તેને eBay જેવા પ્લેટફોર્મ પર ફરીથી વેચે છે. તેઓ યુનિવર્સિટીના વિરામ દરમિયાન તેમના રૂમને Airbnb માં રૂપાંતરિત કરીને પણ પૈસા કમાઈ રહ્યા છે.

### મંત્રણાઓના દોર વચ્ચે...

મહોમ્મદ બાગેર કાલીબાફે સપ્તાહના અંતે યોજાયેલી મંત્રણાઓને એક 'દેખાવ' ગણાવી ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે અમેરિકા મધ્ય પૂર્વમાં વધારાના સૈનિકો મોકલી રહ્યું છે. ઈરાની સરકારી મીડિયાના જણાવ્યા અનુસાર, તેમણે કહ્યું કે ઈરાન પોતાની ધરતી પર કોઈપણ અમેરિકન દળોનો સામનો કરવા તૈયાર છે અને અમેરિકી સૈનિકો તેમજ વોશિંગ્ટનના પ્રાદેશિક સાથી દેશો બંને સામે સખત પ્રતિક્રિયા આપશે.

આ નિવેદનો એવા સમયે આવ્યા છે જ્યારે પાકિસ્તાને જણાવ્યું કે સાઉદી અરેબિયા, તુર્કી અને ઈજિપ્તના વિદેશ મંત્રીઓ અમેરિકા કે ઈઝરાયેલની ભાગીદારી વિના ઈસ્લામાબાદમાં મંત્રણા કરી રહ્યા છે. પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે અગાઉ કહ્યું હતું કે તેમણે અને ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયને પ્રાદેશિક લડાઈ પર વ્યાપક ચર્ચા કરી છે. જો કે, પ્રગતિના સંકેતો ઓછા દેખાયા હતા કારણ કે ઈઝરાયેલ અને અમેરિકાએ ઈરાન પર હુમલા ચાલુ રાખ્યા હતા, અને તેહરાને સમગ્ર પ્રદેશમાં મિસાઈલો અને ડ્રોન છોડીને જવાબ આપ્યો હતો. મહિનાભર ચાલેલા આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ૩,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે. આ યુદ્ધની શરૂઆત ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓથી થઈ હતી, જેના કારણે ઈરાને ઈઝરાયેલ અને પડોશી ગલ્ફ આરબ દેશો પર વળતા હુમલા કર્યા હતા. રવિવારે ઈઝરાયેલે ઈરાન તરફથી આવતા શ્રેણીબદ્ધ હુમલાઓની જાહેરાત કરી હતી અને તેહરાનભરમાં વિસ્ફોટોના અવાજો સાંભળી શકાયા હતા.

### હૂથીઓ યુદ્ધમાં જોડાતા નવી ચિંતા ઉભી થઇ

ઇરાન યુદ્ધમાં અત્યાર સુધી શાંત રહ્યા બાદ યમનના હૂથી બળવાખોરો પણ હવે ઇરાનના ટેકામાં યુદ્ધમાં જોડાયા છે અને ઇઝરાયેલ પર હુમલા કર્યા છે. હૂથીઓની સક્રિયતાથી નવી ચિંતા ઉભી થઇ છે. જો હૂથીઓ ફરીથી વ્યાપારી જહાજો પર હુમલામાં વધારો કરશે, તો તેનાથી તેલના ભાવમાં વધુ ઉછાળો આવશે અને તમામ દરિયાઈ સુરક્ષા અસ્થિર થશે, તેમ ઇન્ટરનેશનલ ક્રાઈસીસ ગ્રુપના વરિષ્ઠ યમન વિશ્લેષક અહેમદ નગીએ જણાવ્યું હતું. તેની અસર માત્ર ઉર્જા બજાર પૂરતી મર્યાદિત નહીં રહે. અરબી દ્વીપકલ્પના દક્ષિણ છેડે આવેલ બાબ અલ-મન્ડેબ, રાતા સમુદ્ર દ્વારા સુએઝ નહેર તરફ જતા જહાજો માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

### ખટલા વગરનો...

આરોપો સાબિત કરવા માટે 23 સાક્ષીઓની તપાસ કરવાનો પ્રસ્તાવ ધરાવે છે, પરંતુ હજુ સુધી કોઈની તપાસ કરવામાં આવી નથી. આમ, ટ્રાયલ પૂર્ણ થવામાં હજુ સમય લાગે તેવી શક્યતા છે. કોર્ટે ઉમેર્યું હતું કે કુમારની ધરપકડ થયાને લગભગ બે વર્ષ વીતી ગયા છે, છતાં ટ્રાયલ શરૂ થઈ નથી અને તેનો અંત નજીકમાં ક્યાંય દેખાતો નથી. બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ટ્રાયલ વિનાનો જેલવાસ એ સજા સમાન છે. સમગ્ર મામલાને ધ્યાનમાં લેતા, કોર્ટના મતે ટ્રાયલ પેન્ડિંગ હોય ત્યાં સુધી અપીલકર્તાની વધુ અટકાયત જરૂરી નથી; અને અપીલ સ્વીકારવા યોગ્ય હોવાથી અપીલકર્તાને જામીન પર મુક્ત કરવાનો આદેશ આપવામાં આવે છે. કુમાર પર શરતો લાદતા બેન્ચે કહ્યું કે તેને ટ્રાયલ કોર્ટના સંતોષ મુજબના જામીન બોન્ડ રજૂ કરવાને આધીન અને કોર્ટ દ્વારા લાદવામાં આવતી અન્ય શરતોને આધીન જામીન પર મુક્ત કરવામાં આવશે. જો જામીનની શરતોનો કોઈ ભંગ થશે, તો ટ્રાયલ કોર્ટ અપીલકર્તાના જામીન રદ કરવા માટે સ્વતંત્ર રહેશે, એમ સર્વોચ્ચ અદાલતે ઉમેર્યું હતું.

### ઇંધણ, LPG...

ઉપલબ્ધ છે. સ્થાનિક ઉપલબ્ધતા વધારવા માટે સરકારે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં લિટર દીઠ 10નો ઘટાડો કર્યો છે અને ડીઝલ પર 21.50 પ્રતિ લિટર તથા એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) પર 29.50 પ્રતિ લિટર નિકાસ લેવી લાદી છે. ગેસ ક્ષેત્રમાં, ઘરવપરાશ અને પરિવહન માટેના પુરવઠાને પ્રાથમિકતા આપવામાં આવી છે, જેમાં પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) અને CNG ને 100 ટકા ફાળવણી કરવામાં આવી છે, જ્યારે ઔદ્યોગિક અને વ્યાપારી વપરાશકારોને સરેરાશ વપરાશના લગભગ 80 ટકા પુરવઠો મળી રહ્યો છે. ફર્ટિલાઈઝર પ્લાન્ટ્સને 70-75 ટકા સપ્લાય કરવામાં આવી રહ્યો છે અને વધારાના LNG કાર્ગો મંગાવવામાં આવી રહ્યા છે.

### કાશ્મીર, હિમાચલ...

રાતોરાત હળવોથી મધ્યમ હિમવર્ષા થઈ હતી, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. તાજી હિમવર્ષાને કારણે શ્રીનગર-લેહ રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને બાંદીપોરા-ગુરેઝ રોડ બંધ કરી દેવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, શ્રીનગર શહેર સહિત ખીણના મેદાની વિસ્તારોમાં વ્યાપક મધ્યમ વરસાદ થયો હતો, જે અનેક સ્થળોએ અટકી અટકીને ચાલુ રહ્યો હતો. હિમાચલ પ્રદેશના કુલ્લુ અને લાહૌલ-સ્પીતિ જિલ્લાના ઉપરવાસના વિસ્તારોમાં રવિવારે તાજી હિમવર્ષા થઈ હતી, જ્યારે મધ્ય અને નીચાણવાળા વિસ્તારોમાં અટકી અટકીને વર્ષા થઈ હતી. શિમલા હવામાન વિભાગે રવિવારે મંડી, કુલ્લુ અને શિમલા જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં સોમવારે કરા સાથે તોફાન, વીજળી અને તેજ પવન (૪૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપ) માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. આ સાથે જ રાજ્યમાં ૪ એપ્રિલ સુધી વરસાદી માહોલ રહેવાની આગાહી પણ કરવામાં આવી છે. કેલોંગમાં ૧ સેમી બરફ પડ્યો હતો અને ગોંદલામાં પણ હિમવર્ષાના અંશો જોવા મળ્યા હતા. પંજાબમાં પણ થોડો વરસાદ થયો હોવાના અહેવાલ છે. રાજધાની દિલ્હી માટે હવામાન વિભાગે ૨૯ અને ૩૦ માર્ચ માટે હળવા વરસાદ, ગાજવીજ અને પવનનું યલો એલર્ટ જારી કર્યું છે.

### સાઉદી, ઇજિપ્ત...

વિદેશ મંત્રી હાકાન ફિદાન શનિવારે ઈસ્લામાબાદ પહોંચ્યા હતા, જ્યારે તેમના સાઉદી સમકક્ષ પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન અલ સઉદ પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડારના આમંત્રણ પર રવિવારે અહીં પહોંચ્યા હતા.

આ સમિટ પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા માટે મધ્યસ્થી કરવાનો પાકિસ્તાનનો એક પ્રયાસ છે. ડારે રવિવારે સમિટની બાજુમાં ઈજિપ્ત અને તુર્કીના તેમના સમકક્ષો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. તેઓ તેમના સાઉદી સમકક્ષ સાથે પણ અલગથી વાતચીત કરે તેવી અપેક્ષા છે. વિદેશ મંત્રાલયે ઉમેર્યું હતું કે, મુલાકાત દરમિયાન નેતાઓ પ્રાદેશિક વિકાસ પર પરામર્શ કરશે અને વડાપ્રધાન શહેબાઝ શરીફની પણ મુલાકાત લેશે. શનિવારે એક અખબારી યાદીમાં વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, મુલાકાતી વિદેશ મંત્રીઓ પ્રદેશમાં તણાવ ઘટાડવાના પ્રયાસો સહિત વિવિધ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરશે.

અલગથી, વિદેશ મંત્રાલયે મધ્યરાત્રિએ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ડારે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી અને વિકસતી પ્રાદેશિક સ્થિતિ અને ચાલુ ઘટનાક્રમ વિશે ચર્ચા કરી હતી. ડારે કહ્યું કે તેમણે તણાવ ઘટાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે સંવાદ અને મુત્સદ્દીગીરી જ કાયમી શાંતિ માટેનો એકમાત્ર વ્યવહારુ માર્ગ છે.

### વધુ બે ભારતીય...

અને બીડબ્લ્યુ ઈએલએમ, જેમાં કુલ આશરે 94,000 ટન એલપીજી કાર્ગો છે, તેઓ આ ક્ષેત્રમાંથી સુરક્ષિત રીતે પસાર થયા છે અને ભારતીય કિનારા તરફ આગળ વધી રહ્યા છે."

જ્યારે બીડબ્લ્યુ ટીવાયઆર મુંબઈ તરફ આગળ વધી રહ્યું છે જે 31 માર્ચ સુધીમાં પહોંચવાની ધારણા છે, ત્યારે બીડબ્લ્યુ ઈએલએમ 1 એપ્રિલની અંદાજિત આગમન તારીખ સાથે ન્યૂ મેંગલોર તરફ જઈ રહ્યું છે.

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા અને તેહરાનના વ્યાપક વળતા પ્રહારોએ આ સામુદ્રધુની દ્વારા થતા શિપિંગને લગભગ અટકાવી દીધું છે - જે અખાતના દેશોમાંથી વિશ્વમાં તેલ અને ગેસની નિકાસ માટેનો સાંકડો દરિયાઈ માર્ગ છે. જોકે, ઈરાને ગયા અઠવાડિયે કહ્યું હતું કે બિન-દુશ્મનાવટ ધરાવતા જહાજો ઈરાની સત્તાવાળાઓ સાથે સંકલન કર્યા પછી આ જળમાર્ગમાંથી પસાર થઈ શકે છે.

અગાઉ, ચાર ભારતીય ધ્વજ ધરાવતા એલપીજી ટેન્કરો સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયા હતા. પાઇન ગેસ અને જગ વસંત, જેમાં 92,612 ટન એલપીજી હતો, તેઓ 26 માર્ચથી 28 માર્ચની વચ્ચે ભારતીય બંદરો પર પહોંચ્યા હતા. તે પહેલા, આશરે 92,712 ટન એલપીજી વહન કરતા એમટી શિવાલિક અને એમટી નંદા દેવી અનુક્રમે 16 માર્ચે ગુજરાતના મુંદ્રા બંદરે અને 17 માર્ચે રાજ્યના કંડલા બંદરે પહોંચ્યા હતા.

### છત્તીસગઢમાં 5...

કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે, આ અથડામણ પોલમપલ્લી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળની એક જંગલવાળી ટેકરી પર થઈ હતી. વિસ્તારમાં માઓવાદીઓની હાજરી વિશે મળેલી બાતમીના આધારે રાજ્ય પોલીસના એક એકમ, ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી)ની ટીમ એન્ટી-નક્સલ ઓપરેશન માટે નીકળી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે, ગોળીબાર બંધ થયા બાદ ઘટનાસ્થળેથી એક હથિયાર સાથે એક નક્સલવાદીનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક કેડરની ઓળખ મુચાકી કૈલાશ તરીકે થઈ છે, જે માઓવાદીઓના પ્લાટૂન નંબર 31નો સેક્શન કમાન્ડર હતો અને તેના પર 5 લાખ રૂપિયાનું ઇનામ હતું.

કૈલાશ નાગરિકોની હત્યા, ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) લગાવવા અને પોલીસ પરના હુમલાની ઘટનાઓમાં સામેલ હતો.આ અથડામણ કેન્દ્ર દ્વારા દેશમાંથી સશસ્ત્ર નક્સલવાદને ખતમ કરવા માટે નક્કી કરાયેલી 31 માર્ચની સમયમર્યાદાના બરાબર બે દિવસ પહેલા થઈ છે. બસ્તર રેન્જના ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ સુંદરરાજ પટ્ટીલિંગમે જણાવ્યું હતું કે માઓવાદી કેડર માટે શરણાગતિ અને પુનર્વસનની તક હવે તેના અંતિમ તબક્કે પહોંચી ગઈ છે અને તેમની પાસે તેનો લાભ લેવા માટે ખૂબ જ મર્યાદિત સમય છે.

### યુપીમાં દુકાનમાંથી...

ગામમાં બાળકીની માતા આરતી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેમાં તેણે આક્ષેપ કર્યો હતો કે, તેના પતિ પુષ્પેન્દ્ર ઉર્ફે પપ્પુ શર્માએ તેમની પુત્રીને લાકડીથી ફટકારી હતી, જેના કારણે તેનું મૃત્યુ થયું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, એક સ્થાનિક દુકાનદારે પુષ્પેન્દ્રને ફરિયાદ કરી હતી કે તેની પુત્રી તેની દુકાનમાંથી કેન્ડીનું પેકેટ ચોરી ગઈ છે, જેનાથી તે રોષે ભરાયો હતો.

ફરિયાદના આધારે પોલીસે નરોરા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધી રવિવારે પુષ્પેન્દ્રની ધરપકડ કરી હતી. એસએચઓ ગંગા પ્રસાદ આર્યએ જણાવ્યું હતું કે, "ગુનામાં વપરાયેલી લાકડી આરોપીની કબૂલાત પરથી મળી આવી છે."